# KPR એગ્રોકેમના ₹180 કરોડના IPOને સેબીની મંજૂરી: આ વર્ષે 11 ઇશ્યૂને લીલીઝંડી

**નવી દિલ્હી:** મૂડીબજારની નિયમનકારી સંસ્થા સેબીએ KPR એગ્રોકેમને પ્રારંભિક પબ્લિક ઇશ્યૂ (આઇપીઓ) મારફત ઓછામાં ઓછા ₹૧૮૦ કરોડ એકત્ર કરવાની મંજૂરી આપી છે. ચાલુ વર્ષે આઇપીઓ માટે મંજૂરી મેળવનારી કંપનીઓની સંખ્યા હવે વધીને ૧૧ થઈ છે. આઇપીઓ માટે સેબીની મંજૂરી મેળવનારી કંપનીઓમાં મહાનગર ગેસ, ઇક્વિટાસ હોલ્ડિંગ, ન્યૂ દિલ્હી સેન્ટર ફોર સાઇટ, થાઇરોકેર ટેક્નોલોજી, ઉજ્જિવન ફાઇનાન્શિયલ સર્વિસિસ અને દિલીપ બિલ્ડકોનનો સમાવેશ થાય છે. આમાંથી કેટલીક કંપનીઓ આઇપીઓ સાથે બજારમાં પ્રવેશી ચૂકી છે. KPR એગ્રોકેમે ડિસેમ્બર ૨૦૧૫માં સેબીમાં ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (ડીઆરએચપી) સુપરત કર્યા હતા. સેબી તેની અરજીને પાંચ એપ્રિલે મંજૂરી આપી છે. કંપનીના સૂચિત પબ્લિક ઇશ્યૂમાં ₹૧૮૦ના નવા શેરના વેચાણ અને હાલના શેરહોલ્ડર્સ દ્વારા ૫૦ લાખ ઇક્વિટી શેર્સ સુધીના ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.